For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઉપરવાસનો વરસાદ અને હથનુરમાંથી છોડાયેલા પાણીને કારણે ડેમની સપાટી 18 જ કલાકમાં 6 ફૂટ વધી ગઈ

# ઉકાઈમાં પાણીની આવક 4.99 લાખ ક્યુસેક, સપાટી 325.56 ફૂટ

**આગામી** 24 કલાકમાં વધુ 870 એમસીએમ પાણીની આવકની શક્યતા

**સપાટી** 330 ફૂટ સુધી પહોંચવાની સંભાવના, જોકે ચિંતાનું કોઈ કારણ નથી

સુરતઃ દક્ષિણ ગુજરાત ઉપરાંત મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના ઉપરવાસમાં છેલ્લા 48 કલાકથી પડી રહેલા અતિભારે વરસાદની સીધી અસર હવે ઉકાઈ ડેમ પર જોવા મળી રહી છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક વધતા દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતા ઉકાઈ ડેમમાં શનિવારે સાંજે 6 વાગ્યે 4.89 લાખ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી.

શનિવારે સાંજે 6 વાગ્યે ઉકાઈ ડેમની જળસપાટી 324.37 ફૂટે પહોંચી હતી. માત્ર છેલ્લા 18 કલાકમાં જ ડેમની સપાટીમાં 5 ફૂટનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. ડેમનું રૂલ લેવલ 335 ફૂટ હોવાથી હાલ જળસંગ્રહ સુરક્ષિત મર્યાદામાં

...અનુસંધાન પાના 9 પર




### રવિવારે સવાર સુધીમાં સપાટી 5 ફૂટ વધે તેવી શક્યતા

ડેમના સત્તાધિશોના જણાવ્યા મુજબ ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ યથાવત રહે તો આવતીકાલે સવારે ડેમની સપાટી 330 ફૂટ સુધી પહોંચી શકે છે. સેન્ટ્રલ વોટર કમિશનની આગાહી અનુસાર આગામી 24 કલાકમાં ઉકાઈ ડેમમાં આશરે 870 એમસીએમ પાણીની વધુ આવક થવાની સંભાવના છે. જેના કારણે ડેમના જળસ્તરમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

**સવારે 6 વાગ્યાથી ઉકાઈની દર બે કલાકની સ્થિતિ**

| સમય | ઈનફ્લો (ક્યુસેક) | સપાટી (ફુટમાં) |
|---|---|---|
| 06:00 વાગ્યે | 1,63,838 | 319.98 |
| 08:00 વાગ્યે | 2,15,142 | 320.32 |
| 10:00 વાગ્યે | 3,46,200 | 320.82 |
| 12:00 વાગ્યે | 4,29,583 | 321.51 |
| 14:00 વાગ્યે | 4,89,128 | 322.32 |
| 16:00 વાગ્યે | 4,89,128 | 323.14 |
| 18:00 વાગ્યે | 4,89,030 | 323.96 |
| 20:00 વાગ્યે | 4,89,128 | 324.78 |
| 22:00 વાગ્યે | 4,99,036 | 325.56 |

(આઉટફ્લો માત્ર 800 ક્યુસેક જ છે)

**વિતેલા ચોવીસ કલાકમાં પડેલા વરસાદની વિગત**

| ક્રમ | વિસ્તાર / સ્થળ | વરસાદ (મીમી) | વરસાદ (ઈંચ) |
|---|---|---|---|
| 1 | ચીકલધરા | 14.20 | 0.57 |
| 2 | અકોલા | 17.20 | 0.69 |
| 3 | લુહારા | 18.00 | 0.72 |
| 4 | ચેરલી | 46.00 | 1.84 |
| 5 | નવાથા | 69.00 | 2.76 |
| 6 | સેલગાવ | 66.00 | 2.64 |
| 7 | બુરહાનપુર | 69.00 | 2.76 |
| 8 | ધુપેશ્વર | 59.00 | 2.36 |

...અનુસંધાન પાના 9 પર

**શુક્રવારે દિવસે અને રાત્રે પડેલા ભારે વરસાદની અસરથી મોડી રાત્રે જ નદીઓ છલકાવા માંડી હતી**

# કીમ, કાવેરી, અંબિકા, વેંગણિયા, ઔરંગા અને પૂર્ણા નદીમાં ફરી પૂર

### પૂર્ણા નદીના પાણી ઘૂસી જતાં નવસારીમાં એક લાખથી વધુ લોકો ફસાયા, નેત્રંગમાં એક મહિલાનું મોત

### કીમ નદીને કારણે ઓલપાડ, હાંસોટ, માંગરોળનાં અનેક ગામડાં જળમગ્ન બન્યાં, કઠોદરા સંપર્કવિહોણું







સુરતઃ દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં શુક્રવારે દિવસે અને રાત્રે પડેલા ભારે વરસાદની અસર આજે વિવિધ નદીઓ પર જોવા મળી હતી. ઉપરવાસમાં પડી રહેલા વરસાદના કારણે દ.ગુ.ની કાવેરી, અંબિકા, વેગણિયા, ઔરંગાની સાથે સાથે કીમ અને ટોકરી નદીમાં પૂર આવ્યા હતા. આ પૂરના પાણી અનેક ગામડાઓમાં ઘૂસી જતાં તંત્રએ રેસ્ક્યુ

...અનુસંધાન પાના 9 પર

#### સતત વરસાદ અને વાદળછાયા વાતાવરણને કારણે ઠંડક

# સુરત હિલસ્ટેશન બન્યું, રાજ્યમાં સૌથી ઓછું 26 ડિગ્રી તાપમાન!

**ઓગસ્ટ** માસમાં સરેરાશ 30.8 ડિગ્રી તાપમાન રહે છે

**વર્ષ-**2018 પછી ઓગસ્ટનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું

**લઘુત્તમ** તાપમાન પણ ઘટીને 23.8 ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી અવિરત વરસી રહેલા ભારે વરસાદે સમગ્ર શહેરનું વાતાવરણ બદલાઈ ગયું છે. સતત વરસાદ અને ઘેરાયેલા વાદળોના કારણે શહેરમાં ઠંડકનો અહેસાસ વધી ગયો છે. શનિવારે સુરતમાં મહત્તમ તાપમાન માત્ર 26 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછું મહત્તમ તાપમાન રહ્યું છે.

ઓગષ્ટ મહિનામાં સુરતનું સરેરાશ મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી રહે છે. તેની સરખામણીએ આજે નોંધાયેલું 26 ડિગ્રી તાપમાન સામાન્ય કરતાં 4.8 ડિગ્રી ઓછું રહ્યું છે. વરસાદી માહોલને કારણે દિવસ દરમિયાન પણ ઠંડી હવાઓ ફૂંકાતી રહી હતી અને શહેરમાં હિલ સ્ટેશન જેવો અનુભવ થયો હતો. અનેક લોકોએ સુરતનું વાતાવરણ કશ્મીર જેવી ઠંડક ધરાવતું હોવાનું અનુભવ્યું હતું. માત્ર મહત્તમ તાપમાન જ નહીં, પરંતુ લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આજે શહેરનું લઘુત્તમ તાપમાન 23.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્ષ 2018

...અનુસંધાન પાના 9 પર

**1993માં ઓગસ્ટ માસનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી નોંધાયું હતું**

જો ઐતિહાસિક રેકોર્ડ પર નજર કરીએ તો સુરતમાં ઓગષ્ટ મહિનામાં અત્યાર સુધીનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન વર્ષ 1993માં 21 ડિગ્રી નોંધાયું હતું. હાલનું 23.8 ડિગ્રી તાપમાન તે રેકોર્ડથી વધુ હોવા છતાં છેલ્લા આઠ વર્ષમાં સૌથી ઓછું છે, જે આ વરસાદી સિસ્ટમની અસર દર્શાવે છે.

**ઓગસ્ટમાં ક્યા વર્ષમાં કેટલું તાપમાન રહ્યું**

| વર્ષ | સૌથી ઓછું લઘુત્તમ તાપમાન (સેલ્સિયસ) |
|---|---|
| 2018 | 22.4 |
| 2019 | 24.0 |
| 2020 | 24.5 |
| 2021 | 24.0 |
| 2022 | 24.1 |
| 2023 | 24.8 |
| 2024 | 24.4 |
| 2025 | 24.3 |
| 2026 | 23.8 |

# 15 જ દિવસમાં નવસારીમાં ત્રીજી વખત પૂર

**વિરાવળ રોડ,** શાંતાદેવી રોડની સાથે સાથે પૂરના પાણી ઘરો-દુકાનોમાં ઘૂસી ગયા, રસ્તાઓ પર પાણી ફરી વળ્યા, લાખોનું નુકસાન

નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં અવિરત વરસેલા ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવેલા પાણીના જોરદાર પ્રવાહને કારણે નવસારી શહેર માત્ર 15 દિવસમાં ત્રીજી વખત પૂરની ઝપેટમાં આવ્યું હતું. શહેરના વિરાવળ રોડ સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતાં રસ્તાઓ, રહેણાંક વિસ્તારો, દુકાનો અને જાહેર સ્થળો જળમગ્ન બન્યા હતા. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં ઘરવખરી, ઈલેક્ટ્રોનિક સાધનો, ફર્નિચર અને અન્ય કિંમતી સામાનને ભારે નુકસાન થયું હતું. અનેક પરિવારોને સુરક્ષિત સ્થળોએ આશરો લેવો પડ્યો હતો, જ્યારે પાણી ભરાવાના કારણે દૈનિક જીવન અને

...અનુસંધાન પાના 9 પર

### એક-બે નહીં...અંબિકાના ભોરિયા ગામે એકસાથે ચાર દીપડા દેખાયા



અનાવલઃ અંબિકાના ભોરિયામાં શનિવારે એક અનોખી પરંતુ ચિંતાજનક ઘટના સામે આવી છે. ખેતરાળ વિસ્તારમાં એકસાથે ચાર દીપડા નિરાંતે આરામ કરતા નજરે પડતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ખેતરમાં કામકાજ માટે ગયેલા સ્થાનિક ખેડૂતોની નજર જ્યારે ચારેય દીપડા પર પડી ત્યારે તેઓ ક્ષણભર માટે સ્તબ્ધ થઈ ગયા હતા. કેટલાક લોકોએ આ સમગ્ર ઘટનાનો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં કેદ કર્યો હતો. જોતજોતામાં વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં આસપાસનાં ગામોમાં પણ ભારે ચર્ચા જાગી છે. ખાસ કરીને સાંજ અને વહેલી સવારે ખેતરોમાં જવું તેમજ પશુઓને ચરાવવા લઈ જવું હવે જોખમી બન્યું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ઘટનાની જાણ સ્થાનિકોએ તાત્કાલિક વન વિભાગને કરી છે. ગ્રામજનોએ વન વિભાગને ઘટના સ્થળે અને આસપાસના વિસ્તારોમાં પાંજરાં ગોઠવી દીપડાઓને ઝડપથી પકડી લેવા તેમજ સતત પેટ્રોલિંગ શરૂ કરવાની માંગ કરી છે. **(તસવીરઃ મેહુલ પટેલ)**

**દક્ષિણ ગુજરાતનો વરસાદ (ઈંચમાં)**

| તાલુકા | વરસાદ |
|---|---|
| **સુરત જિલ્લો** | |
| ઉમરપાડા | 7.12 |
| અંબિકા | 5.40 |
| ઓલપાડ | 5.12 |
| કામરેજ | 4.36 |
| સુરત | 3.24 |
| ચોર્યાસી | 2.88 |
| અરેઠ | 2.87 |
| માંગરોળ | 2.56 |
| મહુવા | 2.16 |
| પલસાણા | 2.16 |
| માંડવી | 1.64 |
| બારડોલી | 1.48 |
| **તાપી જિલ્લો** | |
| ડોલવણ | 10.8 |
| વાલોડ | 3 |
| વ્યારા | 2 |
| **ભરૂચ જિલ્લો** | |
| નેત્રંગ | ૬.૯૩ |
| વાગરા | ૫.૪૭ |
| ઝઘડિયા | ૪.૦૯ |
| ભરૂચ | ૩.૭૮ |
| અંકલેશ્વર | 3.03 |
| જંબુસર | ૨.૬૮ |
| **નર્મદા જિલ્લો** | |
| તિલકવાડા | ૪.3 |
| ગરુડેશ્વર | ૩.૫ |
| નાંદોદ | ૩.૧ |
| **ડાંગ જિલ્લો** | |
| વઘઇ | 7.12 |
| આહવા | 4.12 |
| સાપુતારા | 3.92 |
| **વલસાડ જિલ્લો** | |
| કપરાડા | 5.51 |
| નાનાપોંઢા | 4.88 |
| ધરમપુર | 4.65 |
| **નવસારી જિલ્લો** | |
| વાંસદા | 12.41 |
| નવસારી | 6 ઈંચ |
| ખેરગામ | 6 ઈંચ |
| ગણદેવી | 5 |
| જલાલપોર | 4.5 |
| ચીખલી | 4 |

# ઉમરપાડામાં 7.12, અંબિકામાં 5.40 ઇંચ વરસાદ

**સુરત** જિલ્લામાં આજ સુધી વરસાદી જોર રહેશે, કાલથી ઘટવાની સંભાવના

**આગામી** 12 ઓગસ્ટે વરસાદની વધુ એક સિસ્ટમ આવવાની આગાહી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે પણ અવિરત વરસાદ વરસતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી. છેલ્લા બે દિવસથી સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. સતત વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી હતી.

હવામાન વિભાગે 2 ઓગસ્ટ સુધી વરસાદની આગાહી વ્યક્ત કરી છે. 31 જુલાઈ અને 1 ઓગસ્ટ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને તે મુજબ સમગ્ર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા ઉપરાંત કેટલાક વિસ્તારોમાં

...અનુસંધાન પાના 9 પર

### અંબિકા અને કીમના કાંઠામાં સૌથી વધુ સાથે સુરત જિલ્લામાં 11179નું સ્થળાંતર

સુરતઃ બંગાળની ખાડીમાં સર્જાયેલી ડીપ ડિપ્રેશન સિસ્ટમને પગલે ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિની આશંકા વચ્ચે જિલ્લા વહીવટીતંત્રે સુરત શહેર-જિલ્લામાં આગમચેતીના ભાગરૂપે કુલ ૧૧,૧૭૯ લોકોનું સલામત સ્થળાંતર કરાવ્યું હતું. સુરત ગ્રામ્ય વિસ્તારમાંથી ૯,૦૭૦, સુરત શહેરમાંથી ૧,૮૦૦ અને નગરપાલિકા

...અનુસંધાન પાના 9 પર

### માંડવીમાં પહેલેથી SDRFની ટીમ હતી, ઓલપાડમાં વધારાની ટીમ મોકલાઈ છેઃ સુરત કલેક્ટર

સુરતના જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું કે હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને સમગ્ર તંત્ર એલર્ટ મોડ પર કાર્યરત છે. માંડવી ખાતે પહેલેથી જ SDRFની એક ટીમ તૈનાત હતી, જ્યારે ઓલપાડમાં પણ વધારાની

...અનુસંધાન પાના 9 પર

# બીલીમોરાની અંબિકા નદીમાં પૂરને પગલે ટ્રેનો ધીમી દોડાવવી પડી

**ટ્રેનો** ધીમી થતાં અન્ય ટ્રેન 40થી 45 મિનિટ મોડી પડી, કોઈ રદ નથી

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં શનિવારે ચાલુ રહેલા વરસાદની અસર રેલ વહેવાર પર પણ જોવા મળી હતી. ટ્રેનો ચાલુ રહી હતી પરંતુ ધીમી દોડી હતી. બિલીમોરા વિસ્તારમાં અંબિકા નદીનું જળસ્તર વધવાના કારણે સાવચેતીના ભાગરૂપે ટ્રેનો પર સ્પીડ રેસ્ટ્રિક્શન લાગુ કરવામાં આવ્યું. રેલવેએ મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપતા આ સેક્શનમાં ટ્રેનોની ગતિ નિયંત્રિત કરી દીધી, જેના કારણે અનેક મેલ અને એક્સપ્રેસ ટ્રેનો નિર્ધારિત સમય કરતા 40 થી 45 મિનિટ મોડી ચાલી.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રેક અને પુલોની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. જળસ્તર અને હવામાનની સ્થિતિ મુજબ ટ્રેનોની ગતિ નક્કી કરવામાં આવી રહી છે જેથી કોઈ પણ પ્રકારના અકસ્માતની શક્યતા ટાળી શકાય. હાલ રેલમાર્ગ સંપૂર્ણપણે ચાલુ છે અને કોઈ પણ ટ્રેન રદ કરવામાં

...અનુસંધાન પાના 9 પર

# કીમમાં પૂરને પગલે પાંચ ગામોમાંથી સુરત ફાયરે 125 નાગરિકોનું રેસ્ક્યુ કર્યું

**વિશેષ** ટીમે કીમ ખાતે પણ 80 વ્યક્તિઓનું રેસ્ક્યુ કર્યું



સુરતઃ શનિવારે કીમ અને આસપાસના વિસ્તારોમાં થયેલા અતિભારે વરસાદને કારણે પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. 112 ઇમરજન્સી સેવા દ્વારા પાણીમાં ફસાયેલા લોકો અંગે માહિતી મળતા જ સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ વિભાગે તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો. શહેરમાં તૈનાત 16 રેસ્ક્યુ ટીમો ઉપરાંત કામરેજ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરથી વિશેષ ટીમને કીમ તરફ રવાના

...અનુસંધાન પાના 9 પર


**નવમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



અમારા બધા પ્રત્યે પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર આપને અમો નતઃ મસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે....

સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઈ નારણભાઈ પટેલ (માજી સરપંચ)
જન્મ તા. ૦૪.૦૧.૧૯૬૯
સ્વ.તા. ૦૨.૧૧.૨૦૨૫

લિ
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શિવ, ટિયા, ઉર્જા)

નિવાસસ્થાન : ૩, પટેલ ફળીયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**


| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અનાવિલ અવસાન**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન
**શ્રી નરેન્દ્રભાઈ બળવંતરાય વશીનું**
તા.૨૯/૦૭/૨૦૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

**સદ્‌ગતની સંયુક્ત શોકસભા**
તા.૦૫/૦૮/૨૦૨૬ને બુધવારના રોજ ૧.૦૦ થી ૩.૦૦ કલાકે દિનકર ભવન, ચીખલી ખાતે રાખવામાં આવેલ છે.

**સદ્‌ગતનું બેસણું**
તા.૦૫/૦૮/૨૦૨૬ ને બુધવારના રોજ ૩.૦૦ થી ૫.૦૦ કલાકે દિનકર ભવન, ચીખલી ખાતે રાખવામાં આવેલ છે.

લૌકિક રિવાજ સદંતર બંધ છે.

**સ્વ. નરેન્દ્રભાઈ બળવંતરાય વશી**
સ્વ. તા. ૨૯/૦૭/૨૦૨૬

**શોકાતુર**
રાજેન્દ્ર બળવંતરાય વશી (ભાઈ)
ગં.સ્વ. રેખાબેન નરેન્દ્રભાઈ વશી (પત્ની)
ઉર્મિ નરેન્દ્રભાઈ વશી (પુત્રી)
આહાન (દોહીત્ર), ઈરા (દોહીત્રી)
તથા સમસ્ત સ્વ. બળવંતરાય પરાગજી વશી (તલંગપુર) પરિવાર અને
**સમસ્ત વસુધારા ડેરી પરિવાર**

**શ્વસુર પક્ષઃ**
દિલીપભાઈ ધીરૂભાઈ દેસાઈ (સાળા) – મહેશભાઈ ધીરૂભાઈ દેસાઈ (સાળા)
તથા સમસ્ત ધીરૂભાઈ મગનલાલ દેસાઈ પરિવાર
કુંડી, વલસાડ

નિવાસસ્થાનઃ વસુધારા ડેરી કોલોની, મજીગામ, ચીખલી